| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ | | | |
| દાખલ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ | | | |
| ફૈંસલ તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ | | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૦ | ૦૧ | ૨૫ | |

# પારડીના મહે. અધિક જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી.

**ક્રિમીનલ કેસ નં. ૧૬૨૧/૨૦૨૬**

આંક–

**<u>ફરિયાદી</u>** :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

**<u>આરોપી</u>** : – હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા(સોની)

ઉ.વ. ૪૭, હાલ રહે. કેવડાવાડી, શેરી નં.૧૫, ભકિતનગર, ભાડુતી મકાનમાં, તા.જી.રાજકોટ, અગાઉનું સરનામું– વૃંદાવન સોસાયટી, શેરી નં.૪, ભવાની ચોક પાસે, જગલેશ્વર રાજકોટ, મુળ રહે. વિસામણ ગામ, પાદરમાં, તા.પડધરી, જી.રાજકોટ

| | |
|---|---|
| ગુનો | **ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ,૮૧,૯૮(૨) મુજબનો..** |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષે** | **વિ.એ.પી.પી.શ્રી આર.સી.પટેલ** |
| **આરોપી પક્ષે** | **વિ. વ. શ્રી એ.આર.દેસાઈ...** |

| | |
|---|---|
| **સમક્ષ** | **શ્રી પી.એ.શર્મા , મહે.શ્રી અધિક જ્યુ.મેજી.ફ.ક.,પારડી.** |

**<u>–:: ઠરાવ :–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, કોલમ નંબર ૧૧ તથા ૧૨ મા જણાવેલ પ્રોહી જથ્થો ભરાવનાર તથા મંગાવનાર અને વાહતુક કરી લઇ જનાર આરોપીઓ એક બીજાની મદદગારીથી પોતાની કબજાની ટાટ ટ્રક નંબર MH–04–FJ–0661 કિ.રૂ૧૦,૦૦,૦૦૦/–ની મા ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હિસ્કીના કુલ્લે બોક્ષ નંગ–૩૧૨ (બાટલી નંગ– ૩૭૪૪)કિ.રૂ ૧૬,૮૯,૬૦૦/– મળી કુલ્લે કિ.રૂ ૨૬,૮૯,૬૦૦/–નો મુદામાલ ભરી વાહતુક કરી કોલમ નંબર

૧૨ મા જણાવેલ અગાઉ પકડાયેલ આરોપી નંબર-૦૧ નાઓ તા.૧૫/૧૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૧/૧૫ વાગ્યાના અરસામા મોજે. તુલસી હોટલ એચ.પી.પેટ્રોલપંપની સામે મુંબઇથી સુરત જતા નેશનલ હાઇવે નંબર ૪૮ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતેથી એલ.સી.બી વલસાડના અધિકારી/કર્મચારીઓએ બાતમીના આધારે નાકાબંધી કરી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, બનાવની વિગતે આ કામના ફરીયાદીએ પા.પો.સ્ટે.III.માં ગુ.ર.નં. ૯૧૫/૨૦૧૮ થી પ્રોહીબીશન એકટની કલમ:૬૫એઈ,૮૧,૯૮(૨) મુજબનો ગુનો નોંધવામાં આવેલો અને આ ગુનાની પોલીસ તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અધિક જયુ.મેજી. ફ.ક. સાહેબનીત્રે અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) ત્યારબાદ સદર આરોપી જયુડી.કસ્ટડીમાં હોય આરોપી જેલ ઓથોરીટીથી રજુ થતા થતાં તેઓની બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી, આંક-૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૦૪ આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-: <u>મૌખિક પુરાવા</u> :-**

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | આંક-૦૬ થી પંચ રમેશભાઈ ગંગારામ પટેલની જુબાની |
| ૨. | આંક-૦૮ થી પંચ સલીમ અમીરમીયા શેખની જુબાની |
| ૩. | આંક-૧૧ થી ફરીયાદી જીતેન્દ્રગીરી નરેન્દ્રગીરી ગોસ્વામીની જુબાની |
| ૪. | આંક-૧૪ થી સાહેદ મહેન્દ્રદાન જીલુભા રોહડીયાની જુબાની |

| | |
|---|---|
| **૫.** | આંક–૧૫ થી ત.ક.અ. જીનલ હર્ષદભાઈ શાહની જુબાની |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | આંક–૦૭ થી મુદામાલ રીકવરી પંચનામાની નકલ |
| ૨. | આંક–૧૨ થી ફરીયાદની નકલ |

**(૫)** ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫</u>** ના ચુકાદામાં નામદર કોર્ટે ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૬)** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીના બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે તેમાં તેઓએ ખોટી ફરીયાદ તથા ખોટુ પંચનામુ કરેલાનુ જણાવી વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને તેમના પર ખોટો કેસ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી.

**(૭)** ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. કોલમ નંબર ૧૧ તથા ૧૨ મા જણાવેલ પ્રોહી જથ્થો ભરાવનાર તથા મંગાવનાર અને વાહતુક કરી લઈ જનાર આરોપીઓ એક બીજાની મદદગારીથી પોતાની કબજાની ટાટ ટ્રક નંબર MH–04–FJ–0661 કિ.રૂ૧૦,૦૦,૦૦૦/–ની મા ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હિસ્કીના કુલ્લે બોક્ષ નંગ–૩૧૨ (બાટલી નંગ– ૩૭૪૪)કિ.રૂ ૧૬,૮૯,૬૦૦/– મળી કુલ્લે કિ.રૂ

૨૬,૮૯,૬૦૦/–નો મુદામાલ ભરી વાહતુક કરી કોલમ નંબર ૧૨ મા જણાવેલ અગાઉ પકડાયેલ આરોપી નંબર–૦૧ નાઓ તા.૧૫/૧૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૧/૧૫ વાગ્યાના અરસામા મોજે. તુલસી હોટલ એચ.પી.પેટ્રોલપંપની સામે મુંબઇથી સુરત જતા નેશનલ હાઇવે નંબર ૪૮ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતેથી એલ.સી.બી વલસાડના અધિકારી/કર્મચારીઓએ બાતમીના આધારે નાકાબંધી કરી પકડાઈ જઈ ગુન્હો કરેલ ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૮) મારા જવાબ નીચે મુજબ છે. :–

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**–: કારણો:–**

**મુદ્દા નં. ૧**

(૯) આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંન કરવામાં આવેલ છે.

(૧૦) સદર કામે અનુક્રમે આંક–૦૬ થી પંચ રમેશભાઈ ગંગારામ પટેલને તથા આંક–૦૮ થી પંચ સલીમ અમીરમીયા શેખને તપાસેલ છે.સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન આંક–૦૭ થી મુદામાલ રીકવરી પંચનામું રજુ રાખે છે. પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચ સાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક–૦૭ થી મુદામાલ રીકવરી પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૧) ફરિયાદપક્ષ તરફથી આંક–૧૧ થી ફરીયાદી જીતેન્દ્રગીરી નરેન્દ્રગીરી ગોસ્વામીનો સોગંદ ઉપરનો

પુરાવો જોતાં તેઓએ પોતાની જુબાનીમાં સમર્થનકારી હકીકત જણાવેલ છે. ફરીયાદીનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ સમયે પોલીસ અધિક્ષક શ્રી, વલસાડ નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમો તથા સ્ટાફના પો.કો. મહેન્દ્રદાન જીલુભા બ.નં.૦૧૭ તથા પો.કો રૂતુરાજસિંહ ક્રિરતસિંહ બ.નં.૭૩૫ તથા પો.કો રીતેશ ચીમનલાલ બ.નં.૧૦૭૧ તથા બે પંચોના માણસો (૧) રમેશ ગંગારામ પટેલ (૨) સલીમ અમીરમીયા શેખ બન્ને રહે. પારડી, વલસાડ નાઓ સાથે વલસાડ જીલ્લા હદ વિસ્તારમાં પ્રોહી ગુન્હા અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કરતા ફરતા પારડી પો.સ્ટે.ની હદમાં હોટલ શ્રીનાથની સામે મુંબઈ થી સુરત તરફ જતા ને.હા.નં.૪૮ ઉપર આવી વાપી તરફથી આવતા વાહનોનું વાહન ચેકીંગ કરતા હતા તે દરમ્યાન એક કેશરી કાળા કલરની તાડપત્રીવાળો ટ્રક નંબર MH–04–FJ–0661 નો આવતા તેના ઉપર પ્રોહી ગુન્હા અંગે શક વહેમ જતા તેના ચાલકને ટ્રક થોભાવવા લાકડી વડે ઈશારો કરતા તેનો ચાલક પોલીસ તથા પંચોના માણસોને ઓળખી જઈ પોતાની ટ્રક ઉભી રાખેલ નહી અને સુરત તરફના રોડ ઉપર હંકારી મુકેલ જેથી પોલીસ પંચો સાથે ખાનગી વાહનથી સદર ટ્રકનો પીછો કરતા ટ્રક ચાલકે પોતાનો ટ્રક મોજે.તુલસી હોટલ સામે, મુંબઈથી સુરત જતા નેહા નં.૪૮ ઉપર રોડની સાઈડે ટ્રક મુકી ચાલક તથા કલીનર સુરતથી મુંબઈ જતા ને.હા.નં.૪૮ રોડ ક્રોસ કરી ઝાડી જંગલમાં કયાક ભાગી ગયેલ જે પકડાયેલ નહી કે ઓળખાયેલ નહી જેથી સાથેના પંચો રૂબરૂ સદર ટ્રક નંબર MH–04–FJ–0661 ની પાછળ બાંધેલ કેશરી કાળા કલરની તાડપત્રી ખોલી અંદર તપાસ કરતા પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલ હોય જેથી આ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ટ્રકમાં રાખવા બાબતે સાથેના પંચો રૂબરૂ ટ્રકમાં પાસ પરમીટ બાબતે ચેક કરતા કોઇ પાસ પરમીટ મળી આવેલ નથી જેથી આ વિદેશી દારૂ ગે.કા.રીતે ટ્રકમાં વાહતુક કરી લઈ આવતા હોવાનું જણાયેલ હોય તેમજ સદર જગ્યાએ વાહનોની સતત અવરજવર હોય, જેથી ટ્રક પંચો રૂબરૂ પારડી સરકીટ હાઉસના કમ્પાઉન્ડમાં લાવી ટ્રકમાં ભરેલ પુઠાના બોક્ષોમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બહાર કાઢી ગણી જોતા જે તે કંપનીની શીલબંધ કુલ બોટલ નંગ– ૩૭૪૪ કિ.રૂા. ૧૬,૮૯,૬૦૦/– નો તપાસ અર્થે કબજે કરેલ. તમામ ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કીની બાટલીઓ કંપનીના શીલબંધ બુચ તથા લેબલવાળી હોય જેમાંથી નમુના માટે બે બે બાટલીઓ સેમ્પ્સ માટે કાઢી લઈ તેના બુધના મોઢે સાથેના પંચોની સહીવાળી કાગળની કાપલી બાંધી લાખથી શીલ કરી શીલબંધ નમુનાની બાટલીઓ તથા ઉપરોક્ત તમામ બાટલીઓ તપાસ અર્થે પંચનામાના વિગતે કબજે કરેલ. તેમજ પ્રોહી જથ્થો વાહતુક કરવા ઉપયોગમાં લીધેલ દસ ટાયરની કેશરી કાળા કલરની તાડપત્રીવાળી ટાટા ટ્રક મોડલ નં.૨૫૧૫ નંબર MH–04–FJ–0661 જેના ચેચીસ નંબર 444030ESZ722559 તથા એન્જીન નંબર 697TCS7ESZI25556 છે. જે ટ્રકની અંદાજે કિ.રૂા. ૧૦,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા ટ્રકના સાધનીક કાગળોની એક ફાઇલ મળી આવેલ જે તપાસ હવાલે લીધેલ જેથી મજુકર નહી પકડાયેલ આરોપી ટ્રક ચાલક તથા કલીનર જે બંનેના નામઠામની ખબર નથી તેઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબજાની દસ ટાયરની કેશરી કાળા

કલરની તાડપત્રીવાળી ટાટા ટ્રક નંબર MH–04–FJ–0661 કિ.રૂા. ૧૦,૦૦,૦૦૦/– ની માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કીના કુલે બોક્ષો ૩૧૨ (બાટલી નંગ ૩૭૪૪) કિ.રૂા. ૧૬,૮૯,૬૦૦/– મળી કુલે કિ.રૂા ૨૬,૮૯,૬૦૦/– નો મુદામાલ ટ્રક ચાલક તથા કલીનર ગે.કા.રીતે વગર પાસ પરમીટે વાહતુક કરી લઇ આવતા પોલીસની નાકાબંધી જોઇ ચાલક તથા કલીનર પ્રોહી જથ્થો ભરેલ ટ્રક મુકી નાસી જઇ ગુન્હો કરેલ હોય અમારી તેના વિરૂધ્ધ પ્રોહી એક્ટ કલમ ૬૫એ(ઇ),૮૧,૯૮(૨) મુજબ ધોરણસર થવા ફરીયાદ આપેલ, ફરીયાદ મને બતાવવામાં આવે છે તેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ. ફરીયાદ રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે.''

**(૧૧.૧)** જયારે આરોપી તર્ફે ઉલટતપાસમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, '' એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવ સ્થળેથી કોઈ આરોપી પકડાઈ આવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ વાળા સ્થળે પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામના પંચો અવાર નવાર પ્રોહી ગુનામાં પંચો તરીકે રહેતા આવેલ છે. એ વાત ખરી છે કે હાલના કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ પ્રોહી મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં હાલના આરોપીનુ નામ લખેલ નથી.''

**(૧૨)** ફરિયાદપક્ષ તરફથી આંક–૧૪ થી સાહેદ મહેન્દ્રદાન જીલુભા રોહડીયાનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ પોતાની જુબાનીમાં સમર્થનકારી હકીકત જણાવેલ છે. સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ સમયે પોલીસ અધિક્ષક શ્રી, વલસાડ નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમો તથા સ્ટાકના પો.સ.ઇ શ્રી જે એન ગોસ્વામી તથા પો.કો રૂતરાજસિંહ કિરતસિંહ બ.નં.૭૩૫ તથા પો.કો રીતેશ ચીમનલાલ બ.નં. ૧૦૭૧ તથા બે પંચોના માણસો (૧) રમેશ ગંગારામ પટેલ (૨) સલીમ અમીરમીયા શેખ બન્ને રહે. પારડી, વલસાડ નાઓ સાથે વલસાડ જીલ્લા હદ વિસ્તારમાં પ્રોહી ગુન્હા અંગે ખાનગી વાહનમાં પેટોલીંગમાં હતા દરમ્યાન કરતા ફરતા પારડી પો.સ્ટે.ની હદમાં હોટલ શ્રીનાથની સામે મુંબઈ થી સુરત તરફ જતા ને.હા.નં.૪૮ ઉપર આવી વાપી તરફથી આવતા વાહનોન વાહન ચેકીંગ કરતા હતા તે દરમ્યાન એક કેશરી કાળા કલરની તાડપત્રીવાળો ટ્રક નંબર MH–04–FJ–0661 નો આવતા તેના ઉપર પ્રોહી ગુન્હા અંગે શક વહેમ જતા તેના ચાલકને ટ્રક થોભાવવા લાકડી વડે ઈશારો કરતા તેનો ચાલક પોલીસ તથા પંચોના માણસોને ઓળખી જઈ પોતાની ટ્રક ઉભી રાખેલ નહી અને સુરત તરફના રોડ ઉપર હકારી મુકેલ જેથી પોલીસ પંચો સાથે ખાનગી વાહનથી સદર ટ્રકનો પીછો કરતા ટ્રક ચાલકે પોતાનો ટ્રક મોજે.તુલસી હોટલ સામે, મુંબઇથી સુરત જતા નેહા નં.૪૮ ઉપર રોડની સાઇડ ટ્રક મુકી ચાલક તથા કલીનર સુરત થી મુંબઈ જતા ને.હા.નં.૪૮ રોડ ક્રોસ કરી ઝાડી જંગલમાં કયાક ભાગી ગયેલ જે પકડાયેલ નહી કે ઓળખાયેલ નહી જેથી સાથેના પંચો રૂબરૂ સદર ટ્રક

નંબર MH–04–FJ–0661 ની પાછળ બાંધેલ કેશરી કાળા કલરની તાડપત્રી ખોલી અંદર તપાસ કરતા પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલ હોય જેથી આ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ટ્રકમાં રાખવા બાબતે સાથેના પંચો રૂબરૂ ટ્રકમાં પાસ પરમીટ બાબતે ચેક કરતા કોઇ પાસ પરમીટ મળી આવેલ નથી જેથી આ વિદેશી દારૂ ગે.કા.રીતે ટ્રકમાં વાહતુક કરી લઈ આવતા હોવાનું જણાયેલ હોય તેમજ સદર જગ્યાએ વાહનોની સતત અવરજવર હોય, જેથી ટ્રક પંચો રૂબરૂ પારડી સરર્કીટ હાઉસના કમ્પાઉન્ડમાં લાવી ટ્રકમાં ભરેલ પુઠાના બોક્ષોમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બહાર કાઢી ગણી જોતા જે તે કંપનીની શીલબંધ કુલ બોટલ નંગ–૩૭૪૪ કિ રૂ. ૧૬,૮૯,૬૦૦/– નો તપાસ અર્થે કબજે કરેલ. તમામ ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કીની બાટલીઓ કંપનીના શીલબંધ બુચ તથા લેબલવાળી હોય જેમાંથી નમુના માટે બે બે બાટલીઓ સેમ્પ્લ માટે કાઢી લઈ તેના બુચના મોઢે સાથેના પંચોની સહીવાળી કાગળની કાપલી બાંધી લાખથી શીલ કરી શીલબંધ નમુનાની બાટલીઓ તથા ઉપરોક્ત તમામ બાટલીઓ તપાસ અર્થે પંચનામાના વિગતે કબજે કરેલ. તેમજ પ્રોહી જથ્થો વાહતુક કરવા ઉપયોગમાં લીધેલ દસ ટાયરની કેશરી કાળા કલરની તાડપત્રીવાળી ટાટા ટ્રક મોડલ નં.૨૫૧૫ નંબર MH–04–FJ–0661 જેના ચેચીસ નંબર 444030ESZ722559 તથા એન્જીન નંબર 697TCS7ESZI25556 છે. જે ટ્રકની અંદાજે કિ.રૂા.૧૦,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા ટ્રકના સાધનીક કાગળોની એક ફાઈલ મળી આવેલ જે તપાસ હવાલે લીધેલ જેથી મજુકર નહી પકડાયેલ આરોપી ટ્રક ચાલક તથા કલીનર જે બંનેના નામઠામની ખબર નથી તેઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબજાની દસ ટાયરની કેશરી કાળા કલરની તાડપત્રીવાળી ટાટા ટ્રક નંબર MH–04–FJ–0661 કિ.રૂ ૧૦,૦૦,૦૦૦/– ની માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કીના કુલે બોક્ષો ૩૧૨ (બાટલી નંગ ૩૭૪૪) કિ.રૂા ૧૬,૮૯,૬૦૦/– મળી કુલે કિ.રૂા ૨૬,૮૯,૬૦૦/– નો મુદામાલ ટ્રક ચાલક તથા કલીનર ગે.કા.રીતે વગર પાસ પરમીટે વાહતુક કરી લઇ આવતા પોલીસની નાકાબંધી જોઇ ચાલક તથા કલીનર પ્રોહી જથ્થો ભરેલ ટ્રક મુકી નાસી જઇ ગુન્હો કરેલ હોય અમારી તેના વિરૂધ્ધ પ્રોહી એક્ટ કલમ ૬૫એ(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ ધોરણસર થવા પો સ ઇ શ્રી જે એન ગોસ્વામી સાહેબે ફરીયાદ આપેલ. તપાસ કરનાર અમલદારે મારુ નિવેદન લીધેલ.

**(૧૨.૧)** જયારે આરોપી તર્ફે ઉલટતપાસમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, '' એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદામાલ મળી આવેલ નથી''

**(૧૩)** ફરિયાદપક્ષ તરફથી આંક–૧૫ થી સાહેદ જીનલ હર્ષદભાઈ શાહનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ પોતાની જુબાનીમાં સમર્થનકારી હકીકત જણાવેલ છે. સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, '' તા. ૧૫/૧૧/૨૦૧૮ ના રોજ એલ.સી.બી. પી.આઇ.

જે.એન.ગોસ્વામી સાહેબ નાઓ તથા એલ.સી.બી. ના બીજા માણસો બાતમી મળેલ કે. એક કેસરી કાળા કલરની તાડપત્ર વાળી ટાટા ટ્રક નંબર એમ.એચ. ૦૪ એક જે. ૦૬૬૧ માં પ્રોહીબીશનનો મુદામાલ હોય જેથી બાતમીના આધારે તપાસ કરતા એલ.સી.બી. પી.આઈ. સાહેબ તથા તેમના માણસો આ ટ્રક પકડેલ. જે દરમ્યાન ટ્રક ચાલક ભાગી ગયેલ અને ટ્રકની તપાસ કરતા તેમા મુદામાલ બાટલી નંગ–૩૭૪૪ બોકસ નંગ–૩૧૨ કિ.રૂા. ૧૬,૮૯,૬૦૦/–નો મુદામાલ મળી આવેલ જે બાબતની તેઓએ તપાસ કરેલ. ત્યારબાદ અગાઉના આરોપી પકડાઈ ગયેલ હોય જેમાં હાલનો આરોપી હર્ષદભાઈ માણકીયા નાઓને એલ.સી.બી. પી.સી. મહેન્દભાઈ જીલુભા એ રાજકોટ ખાતે તપાસ કરતા આરોપી પકડાયેલ. ૧૪:૦૦ વાગે અટક કરી ત્યારબાદ આ કામની તપાસ અમોને મળતા તા. ૦૫/૦૪/૨૦૨૬ ના કલાક ના.કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરતા આરોપીના રીમાન્ડ તા. ૦૭/૦૪/૨૦૨૬ પુર્ણ થયા બાદ આરોપીને ના.કોર્ટમાં રજુ કરતા આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદન લઈ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. અગાઉના સાહેદોના નિવેદન હાલના કામે સામેલ રાખેલ. કામ જોતા મે કોઈ નીવેદન લીધેલ નથી. હાલના કામે આરોપીનુ અટક પંચનામુ મે કરેલ નથી. આરોપીને હુ જોયે ઓળખી શકુ છુ.''

**(૧૩.૧)** જયારે આરોપી તર્ફે ઉલટતપાસમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, ''એ વાત ખરી છે કે હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર જાહેર વસ્તીવાળો વિસ્તાર અને વાહનોની સતત અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે પંચનામું સ્થળ પર કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૧૪)** આ સિવાય ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. બનાવ સમયે હાલના આરોપીઓના વાઈન શોપમાંથી પ્રોહી મુદામાલ ભરાવ્યો હોઈ એવુ બનેલુ નથી સોગંદ ઉપર પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. તપાસ સોંપતાં ત.ક.અ.એ તપાસ સંભાળી તપાસના અંતે આરોપી સામે પુરાવો આવતાં કોર્ટમાં ચાર્જશીટ કરેલાનો સોગંદ ઉપર પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. સદર કામે તપાસેલા સાહેદ પોલીસ સાહેદ છે તેઓને ઇન્ડીપેન્ડેન્ટ વિટનેસ ગણી શકાય નહી જેથી તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

**(૧૪.૧)** પરંતુ, આંક–૦૬ થી પંચ રમેશભાઈ ગંગારામ પટેલને તથા આંક–૦૮ થી પંચ સલીમ અમીરમીયા શેખનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, પંચ સાહેદનાએ બનાવવાળી હકીકતને કે તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલાને કે પંચસાહેદની હાજરીમાં પ્રોહી. મુદ્દામાલ કબજે કરવામાં

આવેલાની હકીકતને કે તે અંગેનું આંક–૦૭ થી મુદામાલ રીકવરી પંચનામું પંચસાહેદની રુબરુમાં કરવામાં આવેલાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદ પક્ષે પંચસાહેદને ફરી ગયેલા જાહેર થયેલા છે. આમ, રજુ થયેલ આંક–૦૬ થી પંચ રમેશભાઈ ગંગારામ પટેલને તથા આંક–૦૮ થી પંચ સલીમ અમીરમીયા શેખનો સોગંદ ઉપર પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું નથી અને પંચનામાની વિગત પુરવાર થતી નથી તેથી ફરીયાદ પક્ષે પંચ સાહેદનો પુરાવો સમર્થન વિનાનો જણાય છે.

**(૧૪.૨)** ઉપરાંત, પોલીસ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદન લીધેલ નથી. જે રીતે ફરીયાદ પક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદામાલ આરોપીના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈ પણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી ગુજરાત પ્રોહી એકટની કલમ–૧૦૩ પ્રમાણે સાબીતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી. આ કામે આરોપી પાસેથી મુદામાલ મળી આવેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપી પાસેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે મુદામાલ વિદેશી દારૂ કબજે કરવામાં આવેલાનું પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૪.૩)** **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ પટેલ** નો ચુકાદો જો જોવામાં આવે તો પંચો સમર્થન કરતાં નથી ત્યારે ફરીયાદ પક્ષનો પુરાવો ઉપર આધાર રાખી શકાય નહીં, તેવુ નામદાર હાઈકોર્ટે. ઠરાવેલ છે.તેમજ ફરીયાદ પક્ષની એ ફરજ છે કે, કબ્જે કરવામાં આવેલ મુદામાલ ઈંગ્લીંશ દારૂ છે. તે પુરવાર કરે. તેમજ કબ્જે કરવામાં આવેલ મુદામાલ દારૂ છે તે પુરવાર કરવા માટે મેન્યુફેકચર કંપનીનું અસલ સીલ પુરવાર કરવુ પડે તો જ પ્રોહીબીશનની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન દોરી શકાય. તે સીવાય આવુ અનુમાન દોરી શકાય નહીં. જયાં સુધી ફરીયાદ પક્ષ સદર હકીકત પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.**સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભામા કાળીદાસ પટેલનો ચુકાદો ૧૯૮૫(૨) જી.એલ.આર પાના નં .૭૪૫** ના ચુકાદામાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, અનુમાન દોરતા પહેલાં એ પુરવાર કરવુ પડે કે બોટલ ઉપર સીલ અસલ હતુ અને જાણીતી બ્રાન્ડ કંપનીનું નામ અસલ હતુ.**૧૯૯૧ (૧) જી.એલ.આર પાના નં .૪૩૩** પર પ્રકાશીત થયેલ **ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ છે કે જો કબ્જે કરેલ દારૂની બોટલના લેબલ તથા શીલ અંગે કંપનીના અધિકારીને તપાસયા ન હોય તો બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહીં.**૧૯૯૨ (૨) જી.એલ.એસ (ચુજે ૧૧ ) ૨૦ ગુલાબભાઈ રણછોડભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ છે કે દારૂ બનાવનાર કંપનીના અધિકારીને મુદામાલ બોટલના સીલ તથા લેબલની સત્યતા અંગે તપાસ્યા સીવાય બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહીં.હાલના કેસમાં પણ ફરીયાદી કે તપાસ કરનાર

અમલદાર ધ્વારા એવો કોઈ જ પુરાવો આપવામાં આવેલ નથી કે બાટલી ઉપર અસલ સીલ હતુ કે તે સીલ કઈ કંપનીનું હતુ. તેમજ સદર કામે દારૂ બનાવનાર ઉત્પાદક કંપનીના માલીકનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં અનુમાન થઈ શકે નહીં. તેમજ ત.ક.અ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે તે પંચો ફરી ગયેલ જાહેર થયેલ છે અને તેઓ ફરીયાદ કેસને સમર્થન કરતા નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓને પ્રોહીબીટેડ મુદામાલ સાથે અટક કર્યાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટે હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજયના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને અન્ય હકીકતથી ફરીયાદ કેસને સમર્થન મળતુ ન હોય તો આરોપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**(૧૪.૪)** અગાઉ ચર્ચા કરી તે મુજબ પંચસાહેદના સોગંદ ઉપર પુરાવાથી ફરીયાદી ના સોગંદ ઉપર પુરાવાને લ ેસમાત્ર સમર્થન મળતું નથી, પોલીસ સીવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને પોલીસ સાહેદ હીત ધરાવનાર હોય જેથી તટસ્થ તપાસનો પણ અભાવ જોવા મળે છે. જેથી માત્ર પોલીસ સાહેદોના નિવેદનના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને તેથી આ કામના આરોપી સામે ફરીયાદપક્ષે ખોટો કેસ કરેલો હોવાનું આરોપી પક્ષના વિ.વ.શ્રીઓની દલીલોમાં તથ્ય જણાય છે. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં આ કામના આરોપી પાસેથી ફરીયાદમા જણાવેલ કોઈ મુદ્દામાલ મેળવેલ હોય તેવું સ્પષ્ટ પણે પુરવાર થતું નથી.

**(૧૫)** આમ, ઉપરોકત ચર્ચાને જોતાં તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે આક્ષેપ કરવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

## -// <u>હુકમ</u> //-

(૧) આરોપી:-હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા(સોની)ને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧ (૧) આરોપીને પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ:૬૫એઈ,૮૧,૯૮(૨) અન્વયેના શિક્ષાનેપાત્ર ગુનામાંથી પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ વિદેશી દારૂનો નાશ કરવો, મુદામાલ ટાટ ટ્રક નંબર MH-04-FJ-0661 અંગે વચગાળાનો હુકમ અપીલ સમય વિત્યેથી કાયમ રાખવામાં આવે છે અને જો

વચગાળાનો હુકમ થયો ન હોય તો માલિકીનો પુરાવો લઈ અપીલ સમય વિત્યેથી મુદામાલ વાહન માલિકને પરત કરવી.

( ૩ ) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ મુજબ રૂ. ૨૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો અપીલ સમય માટે આપવાનો હુકમ કરવામાં આવે છે .

(૪) આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય જેલ મુકત કરવા યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૮ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પારડી.

તા. ૨૮/૦૭/૨૦૨૬

**(પી.એ.શર્મા)**
**અધિક સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી.પારડી**
**જી.જે. ૦૧૬૭૦**